

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073

પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyadnews.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

સાપ્તાહિક

તંત્રીઃ પ્રદિપ રાવલ

સહતંત્રી :મીનાક્ષી રાવલ

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-29 ■ અંક-48 ■ તા. 14-12-2025 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

## કેરળમાં ભાજપની ભવ્ય જીત, ચાર દાયકા જુનો LDFનો ગઢ ધરાશાયી

(સંપૂર્ણ સમાચાર સેવા)
તિરુવનંતપુરમ,

આજે રાજનીતિને લઈ ચોંકવનારા સમાચાર આવ્યા છે. કેરળમાં જ્યાં ભાજપની પ્રેજંસ નહીવત છે ત્યાં સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓમાં BJPની જીત થઈ છે. લેફ્ટ અને કોંગ્રેસના ગઢમાં ભાજપે જોરદાર ગાબડું પાડ્યું છે. જેમાં તિરુવનંતપુરમ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ભાજપે ઐતિહાસિક વિજય મેળવ્યો છે.

આ કોર્પોરેશન ચાર દાયકાથી વધુ સમયથી લેફ્ટ પાસે એટલે કે, LDF(લેફ્ટ ડેમોક્રેટિક ફ્રન્ટ) પાસે હતું. તો આ વિસ્તાર જે લોકસભામાં આવે છે ત્યાં પૂર્વ કેન્દ્રીય મંત્રી શશી થરૂર(કોંગ્રેસ) આ લોકસભા બેઠક પરથી સતત ચાર વખત સાંસદ તરીકે ચૂંટાયા છે.

લેફ્ટ અને કોંગ્રેસના ગઢમાં પણ ભાજપની જીત BJP માટે ખુબ મહત્વની છે. ભાજપની આ જીતથી કેરળના રાજકારણમાં રાજકીય સમીકરણો બદલાઈ શકે છે. અત્યાર સુધી ભાજપને કેરળના નામે ટોણો મારવામાં આવતો કે, અહીંયા કેમ જીતી શકતા નથી? પરંતુ આ જીતથી ભાજપે લેફ્ટ અને કોંગ્રેસ બંનેની ચિંતા વધારી દીધી છે.

તિરુવનંતપુરમ માત્ર કેરળનું વહીવટી પાટનગર જ નહીં પરંતુ રાજકીય રીતે પણ મહત્વપૂર્ણ મતવિસ્તાર છે.

રાજકીય વિશ્લેષકો માને છે કે આ જીત વિધાનસભા ચૂંટણીમાં બે કે ત્રણ બેઠકો જીતવા કરતાં ઘણી મહત્વની છે. મ્યુનિસિપલ કોર્પોરેશન જેવી મોટી શહેરી સંસ્થામાં સત્તા મેળવવી એ સૂચવે છે કે શહેરી મતદારો પરંપરાગત રાજકીય વિકલ્પો શોધી રહ્યા છે. આ પરિવર્તન એવા રાજ્યમાં આવ્યું છે જ્યાં કોંગ્રેસ કે લેફ્ટ જ અત્યાર સુધી સત્તામાં રહ્યા છે.

આ જીત ભાજપ માટે માઈલસ્ટોન છે તો કોંગ્રેસ અને લેફ્ટ માટે વિમર્શનો વિષય. કેમ કે, નિષ્ણાત કોંગ્રેસ અને લેફ્ટની આ હાર એ તેમના સેક્યુલર રાજનીતિની હાર પણ માની રહ્યા છે. સ્થાનિક ચૂંટણીના વલણો સ્પષ્ટપણે દર્શાવે છે કે શહેરી વિસ્તારોમાં ન્હ્લ્ સામે વધતી જતી નારાજગી છે. મ્યુનિસિપલ ચૂંટણીઓમાં શાસન, શહેરી માળખાકીય સુવિધાઓ, પારદર્શિતા અને સ્થાનિક મુદ્દાઓ પ્રત્યે મતદારોનો અસંતોષ સ્પષ્ટપણે જોવા મળ્યો હતો.

ભાજપે આ જીતને ઐતિહાસિક જનાદેશ ગણાવ્યો છે. પક્ષના નેતાઓના કહેવા પ્રમાણે આ પરિણામ કેરળમાં ભાજપના વધતા સંગઠનાત્મક આધાર અને બદલાતા મૂડનો પુરાવો છે.

ભાજપના કાર્યકરોમાં ભારે ઉત્સાહ છે અને આને કેરળમાં ભાજપના ભાવિ રાજકીય ભવિષ્ય માટે મજબૂત પાયા તરીકે જોવામાં આવી રહ્યું છે. બીજા રાજ્યના ભાજપી સમર્થકો પણ આ જીતથી ખુશ છે.

આ દરમિયાન LDF નેતૃત્વએ પરિણામોને ગંભીરતાથી લીધા છે અને આત્મનિરીક્ષણ કરવાનું કહ્યું છે. લેફ્ટ નેતાઓ કહે છે કે ચૂંટણી પરિણામોનું વોર્ડ સ્તરે વિશ્લેષણ કરવામાં આવશે અને જો જરૂરી હોય તો સુધારાત્મક પગલાં પણ લેવામાં આવશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તિરુવનંતપુરમ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ભાજપની ઐતિહાસિક જીત પર શહેરના લોકો અને પાર્ટી કાર્યકરોને અભિનંદન આપ્યા હતા. તેમને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લખ્યું હતું કે,, ×આભાર તિરુવનંતપુરમ!

તિરુવનંતપુરમ કોર્પોરેશનમાં ભાજપને જે જનાદેશ મળ્યો છે તે કેરળની રાજીનીતીમાં એક ઐતિહાસિક ક્ષણ છે.

લોકોને વિશ્વાસ છે કે રાજ્યના વિકાસની આકાંક્ષાને માત્ર અમારી પાર્ટી જ પૂરી કરી શકે છે. આમારી પાર્ટી આ જીવંત શહેરના વિકાસ માટે કામ કરશે અને લોકો માટે ઈઝ ઓફ લીવીંગને બેહતર બનાવશે.

## SIRમાં મોટી ગડબડ! ૮૫ લાખ મતદારોના પિતાનું નામ ખોટા

નવી દિલ્હી,

પશ્ચિમ બંગાળમાં ચૂંટણી પંચ દ્વારા હાથ ધરવામાં આવેલી મતદાર યાદીની ખાસ સઘન સંશોધન (SIR) હવે તેના ચોંકાવનારા ડેટાને કારણે ચર્ચાનો વિષય બની ગયું છે. ૨૦૦૨ની મતદાર યાદીની તપાસમાં ચોંકાવનારા તથ્યો બહાર આવ્યા છે, જે ચૂંટણી પ્રક્રિયાની વિશ્વસનીયતા પર પ્રશ્નો ઉભા કરે છે.

ચૂંટણી પંચના આંતરિક વિશ્લેષણમાં લાખો મતદારોની કૌટુંબિક વિગતોમાં, ખાસ કરીને પિતા, માતા અને દાદા સંબંધિત, ગંભીર વિસંગતતાઓ જોવા મળી છે. આ ડેટા માત્ર ટેકનિકલ ખામીઓ તરફ જ નહીં, પરંતુ વ્યાપક ખોટી અથવા શંકાસ્પદ એન્ટ્રીઓની શક્યતા પણ ઉભી કરે છે.

SIR હેઠળ હાથ ધરાયેલી તપાસમાં જાણવા મળ્યું કે, રાજ્યની ૨૦૦૨ની મતદાર યાદીમાં નોંધાયેલા આશરે ૮૫ લાખ મતદારોના પિતાના નામમાં ભૂલો મળી આવી હતી. આ કિસ્સાઓમાં, નામો કાં તો ખોટા, અપૂર્ણ અથવા મેળ ખાતા કૌટુંબિક સંબંધો નહોતા. અધિકારીઓ માને છે કે, આટલી મોટી સંખ્યામાં ભૂલો એક સરળ ટાઈપિંગ ભૂલ ઉપરાંત સમસ્યા સૂચવે છે.

સૌથી આશ્ચર્યજનક આંકડા એ છે કે, આશરે ૧૩.૫ લાખ મતદારોના રેકોર્ડમાં પિતા અને માતા બંને કોલમમાં એક જ વ્યક્તિનું નામ લખવામાં આવ્યું છે. આનો અર્થ એ છે કે, એક જ પરિવારમાં, એક સભ્ય માટે પિતા તરીકે લખવામાં આવેલું નામ બીજા સભ્ય માટે માતા તરીકે લખવામાં આવ્યું છે. આ પ્રશ્ન ઊભો કરે છે કે, શું આ ડેટા સ્થાનાંતરણ ભૂલ છે કે, ઈરાદાપૂર્વકની ખોટી એન્ટ્રી છે.

SIR દરમિયાન, ૧૧,૯૫,૨૩૦ કેસ એવા પણ બહાર આવ્યા હતા, જ્યાં પિતાની ઉંમર પુત્ર કરતાં માત્ર ૧૫ વર્ષ કે, તેથી ઓછી દર્શાવવામાં આવી હતી. જૈવિક અને સામાજિક દ્રષ્ટિકોણથી આ લગભગ અશક્ય માનવામાં આવે છે. નિષ્ણાતો કહે છે કે, આટલી વ્યાપક વય વિસંગતતાઓ મતદાર યાદી બનાવવા અને અપડેટ કરવાની પ્રક્રિયામાં ગંભીર ખામીઓ દર્શાવે છે.

વધુમાં, ૨૪,૨૧,૧૩૩ કેસોમાં, એક વ્યક્તિમાં ૬ કે તેથી વધુ બાળકો નોંધાયેલા હોવાનું જાણવા મળ્યું છે. જ્યારે કેટલાક અપવાદો શક્ય હોઈ શકે છે, ત્યારે આવા લાખો રેકોર્ડ અસામાન્ય માનવામાં આવે છે. ચૂંટણી પંચના સૂત્રો અનુસાર, આ ડેટા સૂચવે છે કે, એક જ વ્યક્તિની ઓળખનો ઉપયોગ બહુવિધ મતદારો માટે કરવામાં આવ્યો હોઈ શકે છે, અથવા પરિવારના સભ્યોની નોંધણીમાં નોંધપાત્ર ભૂલ થઈ શકે છે.

ડેટા વિશ્લેષણમાંથી બીજી એક ચોંકાવનારી હકીકત બહાર આવી છે. ૩,૨૯,૧૫૨ મતદારોના રેકોર્ડમાં, દાદાની ઉંમર તેમના પૌત્ર કરતાં ૪૦ વર્ષથી ઓછી છે. આ સામાજિક ધોરણો દ્વારા પણ ખૂબ જ અસામાન્ય છે અને મતદાર યાદીમાં ગંભીર પેઢીગત ભૂલો તરફ નિર્દેશ કરે છે.

ચૂંટણી પંચના અધિકારીઓ કહે છે કે, SIR ઝુંબેશનો હેતુ આવી વિસંગતતાઓને ઓળખવાનો અને મતદાર યાદી સચોટ અને વિશ્વસનીય છે તેની ખાતરી કરવાનો છે. પંચનો દાવો છે કે, આ પ્રક્રિયા કોઈ રાજકીય પક્ષ કે વ્યક્તિ વિરુદ્ધ નથી, પરંતુ લોકશાહી પ્રક્રિયાને મજબૂત બનાવવા માટે છે.

નિષ્ણાતો માને છે કે, જો આ વિસંગતતાઓને સમયસર સુધારવામાં નહીં આવે, તો તે ચૂંટણી પ્રક્રિયા પર પ્રશ્નો ઉભા કરવાની સાથે,

## ૨૦૨૭થી દેશભરમાં વસતી ગણતરી, કેન્દ્ર સરકારે ૧૧,૭૧૮ કરોડનું બજેટ મંજૂર કર્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે શુક્રવારે (૧૨ ડિસેમ્બર, ૨૦૨૫) ત્રણ મોટા નિર્ણયો લીધા. જે અંગે કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, ૨૦૨૭ની વસતી ગણતરી અંગે નિર્ણય લેવામાં આવ્યો હતો. જેના માટે રૂ.૧૧,૭૧૮ કરોડનું બજેટ મંજૂર કરાયું.

બીજો નિર્ણય કોલસા અથવા ઉર્જા ક્ષેત્રમાં એક મોટો સુધારો કરવામાં આવ્યો છે. ત્રીજો ખેડૂતોને લગતો નિર્ણય લેવામાં આવ્યો છે.

કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું, ૨૦૨૭ની વસતી ગણતરી પ્રથમ ડિજિટલ વસતી ગણતરી હશે. વસતી ગણતરીની ડિજિટલ ડિઝાઈન ડેટા સુરક્ષાને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવી છે. તે બે તબક્કામાં હાથ ધરવામાં આવશે. પ્રથમ તબક્કો ૧ એપ્રિલથી સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન હાઉસ લિસ્ટિંગ અને હાઉસિંગ સેન્સસ. બીજો તબક્કો ફેબ્રુઆરી ૨૦૨૭માં વસતી ગણતરી હશે. ૩૦ લાખ કર્મચારીઓને કામે લગાડાશે.

પ્રથમ વખત ડિજિટલ વસતી ગણતરી હાથ ધરવામાં આવશે, જેમાં મોબાઈલ એપ્લિકેશન દ્વારા ડેટા એકત્રિત કરવામાં આવશે. આ એપ્લિકેશન હિન્દી, અંગ્રેજી અને પ્રાદેશિક ભાષાઓમાં ઉપલબ્ધ હશે.

કેન્દ્રીય મંત્રીમંડળે ઉર્જા ક્ષેત્રમાં પણ એક મોટો નિર્ણય લીધો છે. તેમણે કહ્યું, કોલ સેતુ એટલે કે ભારત કોલસાના ઉત્પાદનમાં આત્મનિર્ભર બનવા જઈ રહ્યું છે, જેનાથી આયાત પરની નિર્ભરતા દૂર થશે. આનાથી ૬૦ હજાર કરોડ રૂપિયાની બચત થઈ રહી છે. ૨૦૨૪-૨૫માં ૧ અબજ ટન કોલસાનું ઉત્પાદન થશે.

કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૨૭ની રાષ્ટ્રીય વસ્તી ગણતરી (National Census) ડિજિટલ માધ્યમથી કરવાનો નિર્ણય લીધો છે. મંગળવારે લોકસભામાં આ અંગે એક મહત્વપૂર્ણ જાહેરાત કરતા ગૃહ રાજ્ય મંત્રી નિત્યાનંદ રાયે જણાવ્યું હતું કે, ભારતના ઈતિહાસમાં આ પ્રથમ વખત હશે જ્યારે વસ્તી ગણતરી પરંપરાગત કાગળ આધારિત ફોર્મ્સને બદલે મોબાઈલ એપ્લિકેશન અને વેબ પોર્ટલ દ્વારા પૂર્ણ કરવામાં આવશે.

સાંસદ સનાતન પાંડેના લેખિત પ્રશ્નનો જવાબ આપતા મંત્રી રાયે જણાવ્યું કે, વસ્તી ગણતરી માટે એક વિશેષ ડિજિટલ પોર્ટલ તૈયાર કરવામાં આવી રહ્યું છે, જેના દ્વારા સમગ્ર દેશમાં પ્રક્રિયાઓનું મોનિટરિંગ અને વ્યવસ્થાપન કરવામાં આવશે. તેમણે સ્પષ્ટ કર્યું કે નાગરિકો પોતે તેમની માહિતી ઓનલાઈન ભરી શકશે, જ્યારે ફિલ્ડ અધિકારીઓ મોબાઈલ એપ્લિકેશનનો ઉપયોગ કરીને ડેટા એકત્રિત કરશે.

વસ્તી ગણતરીની નિર્ધારિત પદ્ધતિ મુજબ, દરેક વ્યક્તિની માહિતી તે સ્થળે નોંધવામાં આવશે જ્યાં તે ગણતરીના સમયગાળા દરમિયાન હાજર હશે. આ સિસ્ટમ ૨૦૨૭માં પણ જાળવી રખાશે. આ ઉપરાંત, વ્યક્તિનું જન્મસ્થળ, છેલ્લું નિવાસસ્થાન, વર્તમાન સ્થળે રહેવાનો સમયગાળો અને સ્થળાંતરનું કારણ જેવી પ્રવાસન સંબંધિત માહિતી પણ ડિજિટલ રીતે નોંધવામાં આવશે.

મંત્રી રાયે એ પણ જણાવ્યું હતું કે વસ્તી ગણતરી શરૂ થાય તે પહેલાં પ્રશ્નાવલીને કેન્દ્ર સરકાર દ્વારા સત્તાવાર રાજપત્રમાં સૂચિત કરવામાં આવશે. આ પ્રક્રિયા પારદર્શિતા સુનિશ્ચિત કરવા અને તમામ રાજ્યો તેમજ એજન્સીઓને સમયસર તૈયારી કરવાની તક આપવા માટે અનિવાર્ય છે. સરકારનું માનવું છે કે ડિજિટલ વસ્તી ગણતરીના કારણે ડેટા પ્રોસેસિંગ ઝડપી બનશે, ભૂલોની શક્યતા ઘટશે અને અંતિમ રિપોર્ટ અગાઉની તુલનામાં વધુ ભરોસાપાત્ર તથા સમયસર ઉપલબ્ધ થઈ શકશે.

નિષ્ણાતોના મતે, ડિજિટલ માધ્યમથી થયેલી આ વસ્તી ગણતરી ભવિષ્યના નીતિ નિર્માણ, શહેરી આયોજન, સ્થળાંતરના વલણો અને સામાજિક-આર્થિક સર્વેક્ષણોને વધુ સારી રીતે સમજવામાં મહત્વની ભૂમિકા ભજવશે.

ભારતની છેલ્લી વસ્તી ગણતરી વર્ષ ૨૦૧૧ માં થઈ હતી અને ૨૦૨૧ની વસ્તી ગણતરી કોવિડ-૧૯ મહામારીને કારણે મુલતવી રાખવામાં આવી હતી.

આ સંજોગોમાં ૨૦૨૭ની ડિજિટલ વસ્તી ગણતરીને દેશના વસ્તી વિષયક ચિત્રને નવા સ્વરૂપમાં સમજવાની દિશામાં એક મોટી છલાંગ માનવામાં આવી રહી છે.

## ફિલિપાઈન્સમાં ૫૦૦થી વધુ મકાન બળીને ખાક, પરિવાર થયા બેઘર

મનીલા,

૧૨ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ, સાંજે ૬;૩૮ વાગ્યે, ફિલિપાઈન્સની રાજધાની મનીલાના મંડલુયોંગ શહેરમાં એક ગીચ વસ્તીવાળા રહેણાંક વિસ્તારમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. આગ બ્લોક ૫, નુએવા ડી ફેબ્રેરો, બારંગે પ્લેઝન્ટ હિલ્સમાં શરૂ થઈ હતી અને ઘરોમાં વૂડનનો વધુ ઉપયોગ થયો હોવાથી આગે પળવારમાં વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું.

જ્વાળાઓ ઉંચી ઉંચી પહોંચી ગઈ હતી અને કાળો ધુમાડો માઈલો સુધી દેખાતો હતો, જેના કારણે સાંજનું આકાશ પણ કાળું ડિબાંગ થઈ ગયું હતું અને આ વિસ્તારની વિઝિબિલિટી પણ ડાઉન થઈ ગઈ હતી. ૭:૧૯ વાગ્યા સુધીમાં, આગ મોટા વિસ્તારમાં મોટાપાયે ફેલાઈ ચૂકી હતી.

ફાયર વિભાગે ૨૦ થી વધુ ફાયર ટ્રક અને આસપાસના વિસ્તારોમાંથી ટીમો તૈનાત કરી હતી. મધ્યરાત્રિ સુધીમાં આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો, પરંતુ નુકસાનનું મૂલ્યાંકન હજુ પણ ચાલુ છે. આગને કારણે આશરે ૫૦૦ પરિવારો બેઘર થઈ ગયા હતા અને તેમના ઘરો સંપૂર્ણપણે નાશ પામ્યા હતા. સદનસીબે, આ ઘટનામાં કોઈ ઈજા કે મૃત્યુના અહેવાલ નથી.

મેટ્રો મનીલાના ગરીબ વિસ્તારોમાં આગ વારંવાર લાગે છે કારણ કે, ઘરો એકબીજાની ખૂબ નજીક છે. વિસ્તાર ખુબ જ ગીચ છે જેથી રેસ્ક્યુ ઓપરેશન અને આગ ઓલવવાનું કામ પણ કપરૂ બને છે આગ માટે અહીં ખરાબ ઈલેક્ટ્રિકલ વાયરિંગ પણ જવાબદાર છે. શેરીઓ સાંકડી છે, જેના કારણે ફાયર એન્જિનો સુધી પહોંચવામાં મુશ્કેલી પડે છે. આ ઘટના ફરી એકવાર આગની સુરક્ષાની સમસ્યાને ઉજાગર કરે છે.

અગાઉ, ૬ ઓગસ્ટ, ૨૦૨૫ ના રોજ, ટોન્ડોના હેપ્પીલેન્ડ એરોમા વિસ્તારમાં મોટી આગ લાગી હતી, જેના કારણે સેંકડો પરિવારો પ્રભાવિત થયા હતા. સપ્ટેમ્બર ૨૦૨૫ માં, ટોન્ડોમાં બે અલગ અલગ જગ્યાએ આગ લાગી હતીઃ ૧૩ સપ્ટેમ્બરના રોજ હેપ્પીલેન્ડમાં એક, જેમાં આશરે ૧,૧૦૦ પરિવારો પ્રભાવિત થયા હતા, અને બીજા દિવસે બીજી આગ લાગી હતી જેમાં અનેક ઘરો ખાક થઈ ગયા હતા.

નવેમ્બર ૨૦૨૪ માં, ટોન્ડોના ઈસ્લા પુટિંગ બાટો વિસ્તારમાં એક ભીષણ આગ ફાટી નીકળી હતી, જેમાં આશરે ૧,૦૦૦ ઘરો બળીને ખાખ થઈ ગયા હતા અને ૮,૦૦૦ થી વધુ લોકો બેઘર થઈ ગયા હતા. આગ આઠ કલાક સુધી સળગી રહી હતી, અને હેલિકોપ્ટરથી પાણી રેડવામાં આવ્યું હતું. માર્ચ ૨૦૨૪ માં, ટોન્ડોના હેપ્પીલેન્ડમાં આગ લાગી હતી, જેમાં ફાયરની ટીમ પર હુમલો પણ થયો હતો. ડિસેમ્બર ૨૦૨૩માં હેપ્પીલેન્ડમાં આગ લાગવાથી ૧,૫૦૦થી વધુ લોકો બેઘર થયા હતા.

## અમેરિકન વકીલને દુર્ઘટનાગ્રસ્ત વિમાનમાં ગરબડની આશંકા

વોશિંગ્ટન,

અમદાવાદમાં સર્જાયેલી ભયાનક એર ઈન્ડિયા વિમાન દુર્ઘટનાને છ મહિના વીતી ગયા હોવા છતાં પીડિત પરિવારો હજુ પણ સત્ય અને વળતરની રાહ જોઈ રહ્યા છે. આ પરિવારોનું પ્રતિનિધિત્વ કરતા અમેરિકન વકીલ માઈક એન્ડ્રૂઝે તપાસની પ્રગતિ અને દુર્ઘટનાના સંભવિત કારણો અંગે મહત્ત્વપૂર્ણ નિવેદન આપ્યું છે.

અમેરિકન વકીલ માઈક એન્ડ્રૂઝે મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, જ્યાં સુધી સત્ય બહાર નહીં આવે ત્યાં સુધી પીડિત પરિવારોનો ઘા રુઝાશે નહીં. ઘણાં પરિવારો હજુ પણ તેમને વચન આપવામાં આવેલા વળતરની રાહ જોઈ રહ્યા છે. કેટલાક પરિવારો તેમના પ્રિયજનોની યાદો ધરાવતી નાની અંગત વસ્તુઓ, જેમ કે ક્રેશ થયેલી ફ્લાઈટમાંથી મળેલા સામાનનો ટુકડો, મેળવવાની આશા રાખી રહ્યા છે, જે તેમના માટે પ્રિયજનોની છેલ્લી યાદ છે.

વિમાન દુર્ઘટનાની તપાસ અંગે, માઈક એન્ડ્રૂઝે કહ્યુ કે,એરક્રાફ્ટ એક્સિડન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરો(AAIB)ના પ્રારંભિક રિપોર્ટમાં બહાર આવ્યા પછી આશા અને ચિંતા બંને વધી ગઈ છે. શરુઆતના દિવસોમાં આપઘાતના એન્ગેલની અટકળો સામે આવી હતી, જે પીડિત પરિવારો માટે ઝટકો હતો. આ અઠવાડિયે, ભારતીય તપાસ એજન્સી AAIB અને યુએસ નેશનલ ટ્રાન્સપોર્ટેશન સેફ્ટી બોર્ડે વોશિંગ્ટનમાં કોકપીટ વોઈસ રેકોર્ડર અને ફ્લાઈટ ડેટા રેકોર્ડર સાંભળ્યું અને તેની સમીક્ષા કરી.

### અમેરિકાના જ સાંસદોએ સંસદમાં રજૂ કર્યો પ્રસ્તાવ

## ભારત પર ૫૦% ટેરિફ રદ કરો, અમેરિકાની સંસદમાં પ્રસ્તાવ રજૂ

વોશિંગ્ટન,

અમેરિકી પ્રતિનિધિ સભાના ૩ સભ્યોએ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા લગાવવામાં આવેલા ભારતથી આયાત કરાયેલા સામાન પર ૫૦ ટકા સુધીના ટેરિફને દૂર કરવાના હેતુસર શુક્રવારે એક પ્રસ્તાવ રજૂ કર્યો. સાંસદોએ આવા ઉપાયોને ગેરકાયદેસર ગણાવ્યા અને તર્ક આપ્યો કે આ અમેરિકી શ્રમિકો, ગ્રાહકો અને દ્વિપક્ષીય સંબંધો માટે હાનિકારક છે. આ પ્રસ્તાવ પ્રતિનિધિ ડેબોરા રોસ, માર્ક વેસી અને રાજા કૃષ્ણમૂર્તિ દ્વારા લાવવામાં આવ્યો છે. આ દ્વિપક્ષીય સેનેટ ઉપાયને અનુરૂપ છે જેનો હેતુ બ્રાઝિલ પર સમાન ટેરિફને સમાપ્ત કરવો અને આયાત ડ્યૂટી વધારવા માટે રાષ્ટ્રપતિની ઈમરજન્સી શક્તિઓના ઉપયોગને મર્યાદિત કરવાનો છે. નિવેદન મુજબ આ પ્રસ્તાવનો હેતુ આંતરરાષ્ટ્રીય ઈમરજન્સી આર્થિક શક્તિ અધિનિયમ (IEEPA)હેઠળ ભારત પર લગાવવામાં આવેલા વધારાના ૨૫ ટકા ટેરિફને રદ કરવાનો છે. આ ટેરિફ ૨૭ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ લગાવવામાં આવ્યો હતો. જે પહેલા લગાવવામાં આવેલા ટેરિફથી ઘણો વધુ હતો. ટ્રમ્પ સરકારે અનેક ભારતીય મૂળના ઉત્પાદનો પર ડ્યૂટીને કુલ ૫૦ ટકા સુધી વધારી દીધી હતી.

કોંગ્રેસવુમન રોસે જણાવ્યું કે ઉત્તરી કેરોલિનાની અર્થવ્યવસ્થા વેપાર, રોકાણ અને જીવંત ભારતીય અમેરિકી સમુદાયના માધ્યમથી ભારત સાથે ગાઢ જોડાયેલી છે. તેમણે કહ્યું કે ભારતીય કંપનીઓએ રાજ્યમાં એક અબજ ડોલરથી વધુનું રોકાણ કર્યું છે. જેનાથી જીવન વિજ્ઞાન, અને ટેક્નોલોજી જેવા ક્ષેત્રોમાં હજારો નોકરીઓ પેદા થઈ. જ્યારે ઉત્તરી કેરોલિનાના નિર્માતા વાર્ષિક લાખો ડોલરનો સામાન ભારતને નિકાસ કરે છે. કોંગ્રેસી વેસીએ આ ટેરિફને રોજબરોજના ઉત્તર ટેક્સાસના રહીશો પર એક કર ગણાવ્યો જે પહેલેથી જ વધુ ખર્ચા સામે ઝઝૂમી રહ્યા છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે ભારત એક મહત્વપૂર્ણ સાંસ્કૃતિક, આર્થિક અને રણનીતિક ભાગીદાર છે. ભારતીય અમેરિકી કોંગ્રેસી કૃષ્ણમૂર્તિએ કહ્યું કે ટેરિફ પ્રતિઉત્પાદક છે, આપૂર્તિ શ્રૃંખલાઓને ખોરવે છે, અમેરિકી કામદારોને નુકસાન પહોંચાડે છે અને ગ્રાહકો માટે ખર્ચા વધારે છે. તેમણે એ વાત પર ભાર મૂક્યો કે તેને સમાપ્ત કરવાથી અમેરિકા-ભારત આર્થિક અને સુરક્ષા સહયોગને મજબૂત કરવામાં મદદ મળશે. આ પ્રસ્તાવ કોંગ્રેસના ડેમોક્રેટ્સ દ્વારા ટ્રમ્પના એકતરફથી વેપાર ઉપાયોને પડકારવા અને ભારત સાથે અમેરિકાના સંબંધો ફરીથી સ્થાપિત કરવાના વ્યાપક પ્રયાસનો ભાગ છે. આ અગાઉ ઓક્ટોબરમાં રોસ, વેસી અને કૃષ્ણમૂર્તિએ ૧૯ અન્ય સાંસદો સાથે મળીને રાષ્ટ્રપતિને પોતાની ટેરિફ નીતિઓને પલટી નાખવાનો અને ભારત સાથે તણાવપૂર્ણ દ્વિપક્ષીય સંબંધોને સુધારવાનો આગ્રહ કર્યો હતો.

ટ્રમ્પે ૧ ઓગસ્ટથી ભારતીય ઉત્પાદનો પર ૨૫ ટકા ટેરિફ લગાવ્યો હતો પરંતુ ત્યારબાદ થોડા દિવસો પછી ૨૫ ટકા વધુ વધારો ઝીંકાયો.

14-12-2025_48 Jan Fariyad_P-1

# ખાનગી બસના વધેલા ભાડા એસટી માટે આશીર્વાદ સાબિત થયા

નવસારી,

ગુજરાતમાં લગ્ન સિઝન ચાલી રહ્યું છે અને બજારમાં મોંઘવારીનો માહોલ દરેક ખૂણે નજરે પડે છે. પરિવહન ક્ષેત્ર પણ તેની અસરથી બાકાત નથી. ખાસ કરીને જાન લઈ જવાની ખાનગી બસોના ભાડામાં અચાનક થયેલો વધારો સામાન્ય પરિવારોને ભારે પડી રહ્યો છે. જેના કારણે લોકો હવે સસ્તી, સલામત અને વિશ્વસનીય સેવા — ગુજરાત એસટી તરફ મોટી સંખ્યામાં વળી રહ્યા છે.

લગ્ન પ્રસંગોમાં ખાનગી બસો હવે લોકોના બજેટથી બહાર જઈ રહી છે. ઘણા પરિવારો માટે ૨૦–૩૦ હજારનું ભાડું ચૂકવવું મુશ્કેલ બન્યું છે. પરિણામે નવસારી સહિતના વિસ્તારોમાં એસટીની સ્પેશિયલ બસો માટેની માંગમાં ભારે વધારો નોંધાઈ રહ્યો છે. લગ્ન, બાબરી, સામુહિક લગ્ન અને સામાજિક પ્રસંગો માટે લોકો એસટી બુક કરાવી રહ્યા છે.



નવસારી એસટી ડેપોના મેનેજર કે.એસ. ગાંધી જણાવે છે કે છેલ્લા એક-દોઢ મહિનામાં ડેપોએ જે આવક નોંધાવી છે, તે સામાન્ય દિવસોની તુલનામાં દ્વિગુણી છે. નવેમ્બર મહિનાની વાત કરીએ તો કુલ ૯૧ વાહનો દ્વારા ૨૦,૪૭૩ કિલોમીટરનું સંચાલન કરવામાં આવ્યું હતું. આ સંચાલનથી નવસારી એસટીને ૨૦.૨૫ લાખ રૂપિયાની વધારાની આવક થઈ છે, જે સ્પેશિયલ કોન્ટ્રાક્ટથી મળતી અત્યાર સુધીની સૌથી ઊંચી આવકમાં ગણાય છે.

ડેપો મેનેજર કે.એસ. ગાંધીએ જણાવે છે કે લગ્ન પ્રસંગોની સ્પેશિયલ બસોમાં આ દર ૯૮ રૂપિયા પ્રતિ કિલોમીટર સુધી પહોંચ્યો છે. એટલે કે સામાન્ય રૂટની તુલનામાં સ્પેશિયલ બસો ડબલ આવક આપી રહી છે. આ કારણે એસટી ડેપો માટે લગ્ન સિઝન એક સુવર્ણ અવસર સાબિત થઈ રહ્યો છે.

ડિસેમ્બર મહિનાની શરૂઆતમાં જ સ્પેશિયલ બસોની માંગમાં સતત વધારો થઈ રહ્યો છે. માત્ર ૧ થી ૭ ડિસેમ્બર વચ્ચે જ ૧૫ બસો દ્વારા ૧,૭૦૦ થી ૧,૮૦૦ કિલોમીટરનું સંચાલન થયું છે અને ડેપોને અઢી લાખ રૂપિયાની આવક થઈ છે. મેનેજરના અનુમાન મુજબ, ૧૫ ડિસેમ્બર સુધી આ માંગ વધીને ૨૦૦ જેટલી બુકિંગ સુધી પહોંચી શકે છે.

લગ્ન અથવા અન્ય પ્રસંગ માટે બસ બુક કરવા લોકોને ડેપોમાં માત્ર પ્રસંગનું કાર્ડ, આધારિત દસ્તાવેજો, તારીખ અને સમયની વિગતો આપવી પડે છે.

બુકિંગ માટે સામાન્ય રીતે ૧૫ દિવસ પહેલાં જાણ કરવી પડે છે. આ સરળ વ્યવસ્થા અને કોઈપણ વધારાના ઝંઝટ વગરની પ્રક્રિયાનો લાભ લોકો લઈ રહ્યા છે અને એસટી ડેપોની વિશ્વસનીયતા વધતી જઈ રહી છે. લગ્ન સિઝન સિવાય પણ વિવિધ ધાર્મિક, સામાજિક અથવા પરંપરાગત પ્રસંગોમાં પણ એસટી બુકિંગ થાય છે. આ તમામ સ્પેશિયલ કોન્ટ્રાક્ટ બસોની સર્વિસ પરથી નવસારી એસટી ડેપોને દર વર્ષે એક કરોડ રૂપિયા જેટલી વધારાની આવક થાય છે, જે એસટીની આર્થિક સ્થિતિને મજબૂત કરે છે અને સેવાઓના વિસ્તરણમાં સહાયરૂપ બને છે.

ખાનગી ટ્રાવેલ્સના વધેલા ભાડા વચ્ચે એસટીની સેવા સામાન્ય અને મધ્યમવર્ગ માટે આશીર્વાદ સમાન બની ગઈ છે. સમયસર ઉપલબ્ધતા, સુરક્ષિત પ્રવાસ અને પોકેટ-ફ્રેન્ડલી દરોને કારણે આજના સમયમાં એસટીની સ્પેશિયલ બસો લોકોની પ્રથમ પસંદગી બની ગઈ છે. લગ્ન સિઝન દરમિયાન એસટીનું પ્રદર્શન ઉત્તમ રહ્યું છે અને આવતા દિવસોમાં પણ માંગ યથાવત્ રહેવાની સંભાવના છે. આ સમગ્ર પરિસ્થિતિને જોતા એક વાત સ્પષ્ટ છે કે—ખાનગી બસોના વધેલા ભાડા વચ્ચે એસટી નિગમને મળેલો આ અવસર એક મોટો આર્થિક લાભ સાબિત થઈ રહ્યો છે. નવસારી સહિત સમગ્ર ગુજરાતમાં સ્પેશિયલ બસોની ધમાલે એસટીની આવક અને લોકપ્રિયતા બંને વધી રહી છે. લગ્ન સિઝન ખરેખર એસટી માટે 'લાભદાયી સિઝન' સાબિત થઈ છે.

# જામનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટી દ્વારા રૂ. ૪૧.૩૦ કરોડના કામને મંજૂરી અપાઈ

જામનગર,

જામનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની આજે મળેલી બેઠકમાં કુલ રૂ. ૪૧ કરોડ ૩૦ લાખના ખર્ચને મંજૂરી આપવામાં આવી હતી. આ ઉપરાંત ચાર દરખાસ્તો ચેર ઉપરથી રજૂ કરવામાં આવી હતી.

જામનગર મહાનગર પાલિકા ની સ્ટેન્ડીંગ કમિટી ની મીટીંગ આજે ચેરમેન નિલેશ બી. કગથરા ના અધ્યક્ષ સ્થાને મળી હતી. તેમાં કુલ ૧૦ સભ્યો ઉપરાંત મેયર વિનોદભાઈ ખીમસૂર્યા, ડે. મેયર ક્રિષ્નાબેન સોઢા, કમિશ્નર ડી.એન.મોદી, ડે. કમિશ્નર દેવેન્દ્રસિંહ ઝાલા, સીટી એન્જીનીયર ભાવેશભાઈ જાની, આસી. કમિશ્નરશ્રી (વ.) મુકેશ વરસણા, ઈંચા. આસી. કમિશ્નરશ્રી (ટે.) જીજ્ઞેશ નિર્મલ ઉપસ્થિત રહ્યાં હતા.

સીવીલ સેન્ટ્રલ ઝોન (વોર્ડ નં. ૧૩) વિસ્તારમાં ખાનગી સોસાયટીઓમાં, ગુજરાત હાઉસીંગ બોર્ડની વસાહતોમાં તથા અન્ય રહેણાંક વિસ્તારોમાં લોકભાગીદારીથી માળખાકીય સુવિધાઓની વિકાસની યોજના અંતર્ગત સી.સી. રોડ / સી.સી. બ્લોક (પેવર બ્લોક) ના કામ અંગે રૂા. ૨૫૦ લાખ , સીવીલ સેન્ટ્રલ ઝોન (વોર્ડ નં. ૧૪) વિસ્તારમાં ખાનગી સોસાયટીઓમાં, ગુજરાત હાઉસીંગ બોર્ડની વસાહતોમાં તથા અન્ય રહેણાંક વિસ્તારોમાં લોકભાગીદારીથી માળખાકીય સુવિધાઓની વિકાસની યોજના અંતર્ગત સી.સી. રોડ / સી.સી. બ્લોક (પેવર બ્લોક) ના કામ અંગે રૂા. ૨૫૦ લાખના ખર્ચને બહાલી આપવામાં આવી હતી.

રૂા. ૧૦૯૬.૬૧ લાખ , વોર્ડ નં. ૧૦માં પોટરીવાળી ગલીમાં પોસ્ટ ઓફીસ થી સતવારા સમાજ થઈ ઈન્દીરા રોડ ના પેટ્રોલ પમ્પ તથા તેની લગત આંતરિક શેરી વિસ્તારના સી.સી. રોડ તથા ધણ શેરીની ખાડ થી ભાનુશાળી લોખંડવાળા થઈ પેટ્રોલ પમ્પને જોડતા આડા ઉભા રોડમાં સી.સી. રોડ બનાવવાના કામ માટે રૂા. ૧૬૩.૯૧ લાખ., વોર્ડ નં. ૧૫, કનસુમરા પાટીયા સામેથી સર્વે નં. ૧૩૨૭થી સર્વે નં. ૧૩૦૭થી સર્વે નં. ૮૦ -રાજકોટ - જામનગર હાઈવે સુધી સી.સી. રોડના કામ અન્વયે વધારાના કામ માટે રૂા. ૪૭.૮૪ લાખ , વોર્ડ નં. ૨, ગાંધીનગર સ્મશાનની કમ્પાઉન્ડ વોલ ના કામ અંગે રૂા. ૨૧.૭૩ લાખ , સીવીલ વેસ્ટ ઝોન (વોર્ડ નં. ૧, ૬ અને ૭) માં સ્ટ્રેન્સિંધનિંગ એન્ડ અપગ્રેડેશન ઓફ કેનાલ – બીજ વર્કસના કામે અન્વયે વધારાના કામના ખર્ચ માટે રૂા. ૫ લાખ , સીવીલ વેસ્ટ ઝોન (વોર્ડ નં. ૧, ૬ અને ૭) માં સ્ટ્રેન્ધનીંગ એન્ડ અપગ્રેડેશન ઓફ ગાર્ડન વર્કસના કામ અન્વયે વધારાના કામના ખર્ચ અંગે રૂા. ૫ લાખ, સીવીલ વેસ્ટ ઝોન (વોર્ડ નં. ૧, ૬ અને ૭) માં સ્ટ્રેન્ધનીંગ એન્ડ અપગ્રેડેશન ઓફ ટ્રાફીક વર્કસના કામ અન્વયે વધારાના કામના ખર્ચ અંગે રૂા. ૫ લાખ, સીવીલ વેસ્ટ ઝોન (વોર્ડ નં. ૧, ૬ અને ૭) માં સ્ટ્રેન્ધનીંગ એન્ડ અપગ્રેડેશન ઓફ બિલ્ડીંગ વર્કસના કામ અન્વયે વધારાના ખર્ચ અંગે રૂા. ૫ લાખ, ડીઝાઈન, ડેવલોપમેન્ટ, ઈમ્પલીમેન્ટેશન અને મેઈન્ટેનન્સ ઓફ સ્પેશીયલ ઈનેબલ વેબ પોર્ટલ યુઝીંગ લોકેશન બેઈઝ ઈન્ફોર્મેશન સીસ્ટમ અપડેટ વિથ ચેન્જ ડીટેકશનના કામ અંગે રૂા. ૮૮૫.૧૪ લાખ , જામનગર શહેર માં ખંભાળીયા રોડ પર હોટલ વિશાલ પાસે થી સત્યમ કોલોની અન્ડર બ્રિજને જોડતી હયાત કેનાલને આર.સી.સી. બોક્ષ કેનાલ બનાવવાના કામ અંગે રૂા. ૩૯૨.૭૭ લાખ, લાલપુર બાયપાસ જંકશન પાસે આવેલ સરદાર રિવેરા થી દડીયા ગામ (રણજીતસાગર) રોડ સુધી આસ્ફાલ્ટ પેચવર્ક / રી-કાર્પેટીંગ કરવાના કામ અંગે રૂા. ૩૩.૧૦ લાખ, શ્રી ગણેશ મહોત્સવ-૨૦૨૫ અન્વયે સરદાર રિવેરામાં આવેલ કોન્ટ્રીબ્યુશન લેન્ડમાં ફીલિંગ કરવાના કામ અંગે રૂા. ૧૨.૪૯ લાખના ખર્ચને મંજૂરી આપવામાં આવી હતી. જનરલ બોર્ડ ઠરાવ માં વોટર વર્કસ સબ ઈન્સ્પેકટરની મંજુર થયેલ જગ્યામાં વધારો કરવા અંગે કમિશ્નરની રજુ થયેલ દરખાસ્ત મંજૂર કરી ભલામણ સાથે જનરલ બોર્ડ મા મૂકવા નિર્ણય લેવાયો હતો.

આ ઉપરાંત અધ્યક્ષ સ્થાનેથી ચાર દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી .જેમાં વોર્ડ નં. ૯, દિપક ટોકીઝથી ચાંદી બજાર પોસ્ટ ઓફીસ તેમજ ચાંદી બજાર સર્કલ થઈને માંડવી ટાવર સુધી સી.સી. રોડ બનાવવાના કામ અંગે રૂા.૪૦૧.૬૪ લાખ , સીવીલ સાઉથ ઝોન (વોર્ડ નં. ૧૫) વિસ્તારમાં ખાનગી સોસાયટીઓમાં, ગુજરાત હાઉસીંગ બોર્ડની વસાહતોમાં તથા અન્ય રહેણાંક વિસ્તારોમાં લોકભાગીદારીથી માળખાકીય સુવિધાઓની વિકાસની યોજના અંતર્ગત સી.સી. રોડ /સી.સી. બ્લોક (પેવર બ્લોક) ના કામ અંગે રૂા. ૨૫૦ લાખ , સીવીલ સાઉથ ઝોન (વોર્ડ નં. ૮) વિસ્તારમાં ખાનગી સોસાયટીઓમાં, ગુજરાત હાઉસીંગ બોર્ડની વસાહતોમાં તથા અન્ય રહેણાંક વિસ્તારોમાં લોકભાગીદારીથી માળખાકીય સુવિધાઓની વિકાસ ની યોજના અંતર્ગત સી.સી. રોડ /સી.સી. બ્લોક (પેવર બ્લોક) ના કામ અંગે રૂા. ૨૫૦ લાખ અને જામનગર મહાનગરપાલિકા દ્વારા આયોજીત સાયકલોથોન ઈવેન્ટ રૂટ માં આસ્ફાલ્ટ પેચવર્ક / રી-કાર્પેટીંગ કરવાના કામ અંગે રૂા. ૫૫.૧૧ લાખ નું ખર્ચ માન્ય રાખવામાં આવ્યું હતું. આમ આજની બેઠકમાં કુલ રૂા. ૪૧ કરોડ ૩૦ લાખ ના વિવિધ વિકાસ કામોને મંજૂરી આપવામાં આવી હતી.

# નિરમા યુનિવર્સિટીમાં ૫ કરોડની ઠગાઈ સામે આવી

અમદાવાદ,

અમદાવાદના એસ.જી. હાઈવે પર આવેલી નિરમા યુનિવર્સિટીમાં થયેલી ૫ કરોડ રૂપિયાની મોટી ઉચાપતના મામલે સોલા પોલીસે વધુ એક મોટી કાર્યવાહી કરી છે. આ કેસમાં પોલીસે આરોપી હર્ષલ સુરેશચંદ્ર લહેરીને ઝડપી લીધો છે અને કોર્ટ દ્વારા તેને ત્રણ દિવસના પોલીસ રિમાન્ડ પર સોંપવાનો આદેશ આપવામાં આવ્યો છે.

આ મામલે નિરમા યુનિવર્સિટીએ પોતાના કર્મચારી સહિત કુલ ૭ શખ્સો વિરૂદ્ધ સોલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસ તપાસ દરમિયાન સામે આવ્યું છે કે આરોપી હર્ષલ લહેરીએ મુખ્ય આરોપી પ્રકાશ ઠાકોરને આશરે ૩૦ જેટલા બેંક એકાઉન્ટ આપ્યા હતા. જેનો ઉપયોગ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ માટે કરવામાં આવ્યો હોવાની શંકા છે.

# જોઈને મન રાજી થાય એવો દરિયાકિનારો જે બુરાર્ડ ઈન્લેટ્ (Burrard Inlet) તરીકે ઓળખાય છે.



-જરા નીચે નજર કરીએ અને દેખાતો શહેરનો નજીકનો એરિઆ 'સરી- (Surrey) જેવા સ્થળો આ અબ્ઝર્વેશન ડેક પરથી જોઈ શકાય.

ચાલો, જ્યારે જે મળ્યું, જેટલું મળ્યું એ માણી લીધું.

વેનકુંવર સિટિ ટુરનું આ છેલ્લું ડેસ્ટિનેશન હતું. અહીંથી જ્હોન અમને સીધા એરપોર્ટ પર ઉતારશે એવી જાણ હતી.

**'Vancour lokoout observation deck'** થી એરપોર્ટ સુધી પહોંચવામાં વચ્ચે ઊભા રહેવાનો સમય નહોતો, પણ જે જોવા જેવી, જાણવા જેવી જગ્યા આવી એ અંગે જ્હોને માહિતી આપે રાખી.

કુદરતી સૌંદર્ય સમા અલાસ્કા અને માનવવસ્તીથી ઊભરાતા વેનકુંવરની અમારી ટ્રિપ અહીંથી સમાપ્ત થવાની હતી.

ઘણી બધી પ્રસન્ન પળોથી સૌનાં મન-હૃદય આનંદિત હતા, પ્રફુલ્લિત હતા.

ઈશ્વરકૃપા અને કુદરતની મહેરબાનીથી પ્રત્યેક દિવસ સરસ, સરળ અને સહજ રહ્યા. એક એક ક્ષણ માણવા જેવી રહી.'મધુરેણ સમાપયેત્' જેવા અમારા પ્રવાસની એ અનુભૂતિ પણ એટલી જ મધુર છે. માણેલા પ્રવાસ વિશે કંઈ પણ કહેવું, લખવું એટલે ફરી એકવાર એ મધુર સ્મૃતિની સફર. અલાસકાની પ્રકૃતિ સાથે જે તાદાત્મ્ય અનુભવ્યું, એ વિશે આજે જે કંઈ લખાય છે ત્યારે મનમાં એ પ્રસન્નતાની પળો ફરી જીવાતી હોય એવી તાજગી છવાય છે.

આજે પણ ક્રૂઝની એ રાતો યાદ આવે છે. એવું લાગે છે કે જાણે દરિયાદાદાના ખોળામાં માથું છે અને દાદા હળવે હળવે થપકી મારે છે. નિરવ શાંતિમાં સંભળાતો દરિયાનો આછો હાલરડાં જેવો ઘુઘવાટ આજે પણ અનુભવાય છે.



આલેખનઃ રાજુલ કૌશિક

# શતભિષા નક્ષત્રની વિશ્વ ઉપર અસર

**Yoggi Astrology** માં આપ સૌનું સ્વાગત છે. આગલા અંકમાં પાકિસ્તાન તથા ઈસ્લામિક જગતમાં ચહલ-પહલ જોવા મળશે. મારા જુના અંકમાં લખ્યું હતું કે ચાંદીનો ભાવ આસમાને ૨૦૨૬માં જોવા મળશે. મારા ઘણા મિત્રોને કહ્યું હતું કે ચાંદી હાલ ૧.૧૫ લાખ ઓગસ્ટમાં હતો ત્યારે કહ્યું કે ચાંદી ૩ લાખ જરૂર જશે. હાલ ભારતમાં ૨ લાખ થઈ ગયા છે. હાલ વૃશ્ચિક રાશીમાં સૂર્ય-મંગળની અંગારયોગથી વિશ્વમાં આગજની ઘટના થતી જોવા મળે છે. જેમાં ઓસ્ટ્રેલિયામાં જંગલમાં આગ, હાલ ભારતમાં ગોવામાં કલબ હાઉસમાં આગ, હોંગકોંગ બિલ્ડીંગમાં આગ, ધરતીકંપ માટે લખ્યું હતું, જેમા ૬ ડિસેમ્બરે અલાસ્કામાં ૭.૦ તીવ્રતાવાળા રહ્યો હતો. તાઈવાન, ગ્રીસ માટે વર્ષોથી ભારે તબાહી થઈ છે. બેમિન (આફ્રિકા) વિદ્રોહ થઈ મિલિટરી **(Military)** સત્તા સંભાળી છે. પાકિસ્તાન બાંગ્લાદેશમાં પણ આજ હાલ છે. હાલ ગુરુ કર્ક રાશીમાંથી ફરીથી મિથુન રાશીમાં વક્રી થઈ ગયો છે. વૃશ્ચિક રાશીમાં શુક્ર, સૂર્ય, બુધ તથા મંગળ ચાર ગ્રહો યુતિ થઈ છે. ૧૪ ડિસેમ્બરે સૂર્યદેવ રાશી પરિવર્તન કરીને ધન રાશીમાં જશે ત્યારે ફરીથી શની-સૂર્યની દષ્ટિમાં રહેશે. સૂર્ય મંગળ દશા છુટા પડ્યા પછી પણ શનીની દસમી દ્રષ્ટિ સૂર્ય હોવાથી વિસ્ફોટક ઘટના થતી જોવા મળશે.

પાછલા અંકમાં રાહુ શતભિષા નક્ષત્ર ઉપર લખ્યું હતું. આ નક્ષત્ર ઉપર અગાઉ પણ લખ્યું હતું. ૨૩ નવે. પછી આ નક્ષત્રમાં આવ્યા પછી તમે જોયું છે કે પાણી ઘણું એક્ટિવ થયું હતું. જેમાં તાઈવાન, મલેશિયા, ઈન્ડોનેશિયા, શ્રીલંકા, ભારતમાં તટ ઉપર ગ્રીસમાં, યુ.કે.માં એવી ઘણી જગ્યા ઉપર ભારે વર્ષા થઈ હતી. હવે પછી હેરીકેન, સાયક્લોન, ટોર્નેડો વારંવાર મેનશન કરીયું છે કે શની-નેપ્ચ્યુનની યુતિ આ બધી વસ્તુ પાણી ઉપર તથા પાણીની અંદરની ઘટના, અતિશય વરસાદ તથા વરસાદની જગ્યા ઉપર અમુક દેશમાં ભારે સ્નોની ઘટના થતી જોવા મળશે.

અમેરિકા તથા કેનેડા, રશિયા, યુ.કે. જાપાન, ચીન, જમ્મુ-કાશ્મીર નોર્થ પોલ ઉપર રેકોર્ડ સ્નો પડશે. મૌસમ વિભાગ પણ આગજાણી થકી આવી રહ્યા છે. આજે શ્રીલંકા, તાઈવાન, ઈન્ડોનેશિયા, થાઈલેન્ડમાં વરસાદથી ભારે તબાહી થઈ છે.

મારા પાછલા અંકમાં લખ્યું હતું કે રાહુ શતભિષા નક્ષત્રમાં આવ્યા પછી ધાર્મિક ઉપર કંઈ થતું જોવા મળશે. પશ્ચિમ બંગાળમાં બાબરી મસ્જિદ વિવાદ શરૂ થઈ ગયો છે. ગ્રહો પોતાનું કાર્ય કરતા રહે છે. આપણે વિચારીશું કે હવે વરસાદ પડશે નહીં. તેવા ભ્રમમાં ન રહેતા. હજુ તબાહી થવાની બાકી છે. ધરતીકંપ, વરસાદ, સ્નો અતિશય ઠંડી, જ્વાલામુખી જેવી ઘટના, આગ લાગવી જેવી સતત ઘટના બનશે. આથી આવનાર સમય ઘણો કઠીન બનશે.

આ ઉપરાંત રાહુ શતભિષા નક્ષત્રમાં આવવાથી ન્યુક્લિયર પાવર એક્ટિવ થશે. આનો અર્થ વિશ્વમાં તેના કાર્યમાં તેજી જોવા મળશે. આ ઉપરાંત આ કાર્યક્રમથી ન્યુક્લિયર લીકેજ થવાથી માનવજાત માટે ખતરો ન બને? આ વિષય ઉપર અગાઉ ક્યારે-ક્યારે ઘટના બની હતી તે વિગતવાર લખ્યું હતું. ૨૦૨૫ કરતા ૨૦૨૬ વધારે ભારે રહેશે. ૨૩ નવે. પછી ઘણા દેશો એક્ટિવ થશે જેમાં ઉત્તર કોરિયા, ઈરાન, પાકિસ્તાન, ચીન, અમેરિકા, રશિયા જેવા દેશોમાં આ એક્ટિવિટી વધશે જે તમને બ્રેકીંગ ન્યુઝમાં જોવા મળશે.

આ નક્ષત્રમાં તુર્કી, પાકિસ્તાન, બાંગ્લાદેશ જેવા દેશોમાં પરેશાની વધશે. હાલ બે દિવસ ઉપર બેનીન (આફ્રિકા) માં સત્તા પરિવર્તન થયું અને આર્મીએ કમાન લીધી છે. આની શરૂઆત થઈ ગઈ છે. આ ઉપરાંત **West African Region Ghana, Mali** અન્ય ભાગમાં અચાનક ન્યુઝમાં જોવા મળશે. આ ઉપરાંત સુદાન, યુગાન્ડા, કેન્યા, ફિજી, સોમાલીયા એવા ઘણા દેશોમાં વિદ્રોહ થશે.

અમેરિકા માટે તથા કેનેડા માટે યુરોપ માટે, આજથી એક વર્ષ પહેલા મારા લેખમાં આર્થિક મંદી માટે વાત કરી હતી, હવે આ સમયની શરૂઆત થઈ ગઈ છે. અમેરિકા, યુરોપ, કેનેડામાં ફાઈનાન્સ ક્રાઈસિસ થતી જોવા મળશે. હાલ ઘણા લોકો કહે છે રૂપિયાની આગળ ડોલર ઉપર જાય છે. પરંતુ આ એક ભ્રમ છે. ગમે ત્યારે ગમે તે થશે તેની લોકોને ખબર પણ ન પડશે. અમેરિકામાં મંદીથી તેની અસર વિશ્વ ઉપર જોવા મળશે. ૧૫ ડીસે. પછી અમેરિકામાં ગનની ઘટના વધતી જોવા મળશે. હાલ કેલિફોર્નિયામાં ગનની ઘટના ઉપરાંત આગની ઘટના બની હતી. તેનું કારણ સૂર્ય-મંગળની યુતિ (અંગારક યોગ) ૨૦૨૬ અમેરિકામાં એવી ઘણી ઘટના બનશે કે વિચારમાં ન આવી હોય વિદ્રોહ, લૂંટફાટ, આગ, ગન ઘટના, રાજકીય ઉથલપાથલ, આથી આવનાર સમય ભારતીયોએ સંભાળીને રહેવું પડશે.

આવનાર સમય રાહુ શતભિષા હોવાથી અફવાનું વાતાવરણ ગરમ રહેશે. આ ઉપરાંત **Online Fraud** જેવી ઘટના વધશે, આથી સાચવીને રહેવું. આ ઉપરાંત **Online Prostitution, Online Fraud, Drugs suðe Intoxicate** ઘટનામાં વધારો થતો જોવા મળશે. આથી આવનાર સમયમાં ઈન્ટરનેટની સેવાથી ઘણી જગ્યા ઉપર બ્લેક આઉટ, અન્ય સેવા બંધ થતી જોવા મળશે. આ નક્ષત્રથી મેડિકલ, ટેક્નોલૉજી, અંતરિક્ષમાં પ્રગતિ પણ બતાવે છે. હાલ ઈન્ડીગો એરલાઈનમાં કોઈ ટેકનિકલ પ્રોબ્લેમથી પ્લેન સેવા બંધ થઈ છે. આવી ઘટના વારંવાર જોવા મળશે. આ ઉપરાંત પ્લેન ક્રેશની ઘટના વધશે. થોડા સમયમાં બ્રેકીંગ ન્યુઝમાં આ ઘટના બનતી જોવા મળશે. ૧૫ ડીસે. થી ૨૦ ડીસે. ની વચ્ચે કારણ સૂર્ય-મંગળની યુતિ છુટી પડે અને ત્યારબાદ શનીની દ્રષ્ટિ સૂર્ય ઉપર પડશે.

આવનાર સમયમાં કોઈ નવી ટેક્નોલૉજીથી સુપર ફાસ્ટ નેટ સેવા જોવા મળશે. અંતરિક્ષમાં નવી શોધ થતી જોવા મળશે. કોઈ ગ્રહ ઉપર નવી પ્રજાતી રહેતી જોવા મળશે અથવા શોધી કાઢવામાં આવશે. આવનાર સમયમાં હાર્ટ-એટેકથી મૃત્યુદર વધશે. કેન્સરની બિમારીમાં વધારો થતો જોવા મળશે.

આગ લાગવાની ઘટના વધશે. હાલ હોંગકોંગમાં આગ એવી ઘણી ઉપર આગ લાગી છે તેનું કારણ કેતુ ફાયરી રાશી સિંહમાં પોતે પણ ફાયર છે. જ્યારે રાહુ કુંભમાં વાયુ રાશી હોવાથી જંગલમાં આગ, પાણીમાં આગ, બિલ્ડીંગમાં આગ આવી ઘટના થતી જોવા મળશે. હવાઈમાં ફરીથી જ્વાલામુખી એક્ટિવ થયો. અલાસ્કામાં ધરતીકંપ ૭.૦ એવી રીતે જાપાનમાં ફરીથી ૭.૬ તીવ્રતાવાળો ધરતીકંપ, આથી આવનાર સમય ઘણી સમસ્યા લઈ ને આવશે.

**Yogi Astrology** ની મુલાકાત તમારી જીવનની સમસ્યા માટે જરૂરથી મુલાકાત લેશો. **Astrology** એટલે કે તમારી જીવનની સમસ્યા હલ માટે હોય છે. યોગ્ય સમયે સમસ્યા હલ કરવાથી મુસીબતને સંભાળી શકાય છે. મારો સંપર્ક ફોન નંબર +૧-૬૪૭-૨૮૬-૩૭૩૪ તથા **www.yogiastrology.ca** ઉપર જશો.




Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad
& published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001
તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નં:૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યું

14-12-2025_48 Jan Fariyad_P-2